નમસ્કાર ગાંધીનગર

પમરાટ

બક્ષર સઘળાં છૂટે છે,
થાકના તાળાં તૂટે છે.
સાત સમંદર ડહોળી જાણ્યું,
સુખ તો ' ઘર 'ના ખૂંટે છે!
રણ વચ્ચે રેતીના પટમાં,
જીવન સઘળું ઊંટે છે.
પાતાળે ધરબીને રાખો,
મોત બધું યે ઝૂંટે છે.
રાત ભમે છે વગડામાં
અજવાળાંને લૂંટે છે.
સરખાં બન્ને, પ્રેમ ને કૂંપળ ,
પથ્થર તોડી ફૂટે છે.

ઉષા ઉપાધ્યાય

પાથેય

રણ વચ્ચે જીવન શોધવાનું વિસ્મય...

કેટલાંક વિસ્મય એમ ને એમ ધરબાયેલાં જ રહે છે.કોઈ આપણને એના વિશે જણાવે તો આપણી આંખો પહોળી થઈ જતી હોય છે.નાની નાની ઘટનાઓ ઘણી મોટી વાત કરી જાય છે.જગતનો એક નિયમ છે કે સહુ કોઈ પ્રચલિત જે માન્યતાઓ કે માણસો હોય છે એની આસપાસ જ વિચારતા રહે છે..દરેકની પોતાની એક સમજશકિત હોય છે..એની એક સિમિત અનુભૂતિ હોય એ સ્વાભાવિક છે..આપણે બહુ મોટા લોકોની સંઘર્ષકથાઓ કે સાફલ્યગાથાઓ સાંભળી અહોભાવ વ્યક્ત કરીએ છીએ..પંરતુ ઘણીવાર આપણે જેને સામાન્ય કે નાના ગણી નજરઅંદાજ કરતા રહીએ છીએ એવા લોકો પાસે જે જોમ,સાહસ,કે જીવનસમજણ હોય છે એ ગજબ પમાડે એવી હોય છે..ભયંકર ઝંઝાવત કે વાવાઝોડાની થપાટ સામે મોટાં મોટાં વૃક્ષો ધરાશયી થઈ જાય છે..પરંતુ એની સામે કોઈ તુચ્છ લાગતું તરણું અડીખમ બની લ્હેરાતું હોય છે !

કેટલાક માણસોનો જીવનસંઘર્ષ એટલો અદ્ભુત હોય છે કે એ જાણે જિંદગીને પડકાર આપતા હોય એમ લલકાર કરી છે કે આવી જા ગમે તેટલી અડચણો સાથે ! હું નહીં થાકું તું જો થાકી જાય તો કહેજે ! છે ને ખુમારી ? કવિઓ અને સર્જકોમાં આવી ખુમારી સહજ હોય છે..અનેક વ્યથાઓ વચ્ચે પણ એમની સર્જનયાત્રા સતત ચાલતી રહે છે...

સર્જક નાનો હોય કે મોટો મને એનામાં એકસરખી દિલચસ્પી રહેતી હોય છે..ઘણીવાર ઝળહળતી રોશની જેવા સર્જકોની તુલનામાં ઘરદિવડાં જેવા સર્જકો વધારે આનંદ આપી જાય છે..એવું કહેવાય છે કે જેણે એકાદ નાનકડી કવિતા લખી હોય એવો એકલખૂણે બેસીને લખતો કવિ પણ મહાકાવ્ય લખી શકવાની સંભાવના ધરાવતો હોય છે..સર્જકનું કોઇ ગામ નથી હોતું...એ ગમે તે વ્યવસાય,કોઇપણ પ્રદેશ કે કોઇપણ સમાજમાંથી આપોઆપ ઉભરતો હોય છે..જે કોઇ લખે છે એ મારા માટે વિસ્મયનું કેન્દ્ર હોય છે..એને પોંખવામાં હરખપદુડા થઇ જવાની પણ એક મજા હોય છે...

લેખન એવી ચીજ છે કે એ લાંબી સાધના માગે છે..નૈસર્ગિક રૂચિ પણ જરૂરી છે..એ સતત શીખવાની પ્રક્રિયા છે...એટલે કોઇપણ નવલેખક જયારે મને એની કૃતિ બતાવે છે ત્યારે એ પરિપૂર્ણ જ હોય એવી ધારણા હું રાખતો નથી..એ બરાબર વ્યકત થાય એ રીતે હું આત્મીયતાથી એને આવકારૂં છું..આજે નહી તો ભવિષ્યમાં પણ એ કોઇક માતબર સર્જન આપશે એવી ગળાડૂબ શ્રધ્ધા ધરાવું છું..અને એટલે જ નવાસવા લખનારા માટે એક અચરજ આપણામાં સહજ રહેલું હોય છે...

માત્ર સાહિત્ય જ નહીં જીવનના દરેક ક્ષેત્રમાં સામાન્ય લાગતા માણસોની જે શકિતઓ બહાર આવતી હોય છે એ વિસ્મયકારક હોય છે..કુદરતે હૈયું મસ્તક હાથ તમામને આપેલ છે..મોટી લાગતી કોઈ વ્યકિત અન્યની તુલનામાં આપોઆપ નાની જ હોય છે..જગતમાં બધું સાપેક્ષ છે..ઈશ્વર તમામને કોઈક ને કોઈક શકિત આપે જ છે..આવી નાનકડી નજાકત જયારે કોઇ આપણને બતાવે ત્યારે આપણે રોમાંચિત થઈ જતા હોઇએ છીએ !

ચંદા રે... ચંદા રે..!!!!

" ચંદા રે ચંદા રે કભી તો જમી પર આ ' ની કાકલૂદી પછી ચંદા તો જમીન પર ના આવ્યો પણ ચંદા ની જમીન પર આપણે પહોંચી ગયા...!!!!! જી હા ચંદ્રયાન-૩ એ મંગળવાર ૨૩ ઓગષ્ટે ચંદ્ર બોલે તો ચાંદામામાં બોલે તો મૂન પર સોફ્ટ લેન્ડિંગ કર્યું એને તમે આ વાંચતાં હશો ત્યાં સુધીમાં ૪ દિવસ વીતી ગયા હશે પણ ભારત તો ઠીક પણ વિશ્વભરમાં આપણે કરેલ આ અભૂતપૂર્વ કારનામાની ચર્ચાઓ પૂરજોશમાં ચાલતી હશે જ અને ચાલતી રહેવાની જ છે કેમકે અવિકસિત અને પશ્ચિમની ભાષામાં ગાયો-મદારીઓનો દેશ આવડી મોટી પ્રગતિ કરી જ કેવી રીતે શકે ? એક વખતે સેટેલાઈટ છોડવા માટે જગતભરના દેશો પાસે મદદ માંગતુ આવડુક અમથું ઈન્ડિયા ચાંદ પર પહોંચી જ કેવી રીતે શકે ? પશ્ચિમના દેશો ભલે વાહવાહી કરતાં હોય પણ ભારતની આ અભૂતપૂર્વ સિધ્ધી વિષે

છાનાખુણે ખણખોદ તો ચાલુ કરી જ દીધી હશે. અને એનું એક બીજું કારણ એ પણ છે કે ચંદ્રયાન-૩ ના લેન્ડિંગના થોડા દિવસો પહેલા જ અવકાશકક્ષેત્રમાં મહાન કહી શકાય એવા રાશિયાનું આવા જ મિશન પર નીકળેલું યાન અવકાશમાં જ સ્વાહા થઈ ચૂકેલું એવામાં ચંદ્રયાન-૩ પર વિશ્વભરની નજર હતી જ પણ ખોબલે ને ધોબલે શુભેચ્છાઓ છે એ વૈજ્ઞાનિકોને કે જેમણે અનેક જગત જમાદારોને અચંબામાં મૂકીને તિરંગો ચાંદ પર ફરકાવી દીધો.

થાય.. થાય.. ઘણીવાર એવું થાય કે આપણે જેને ઓછા ગણતાં હોય એ આપણાથી આગળ નીકળી જાય પણ અહી ચંદ્ર પર ચડાઈની આ સિધ્ધી કોઈ એકલદોકલ વ્યક્તિથી કે કોઈ પાંચ-દશ વર્ષોથી નથી પ્રાપ્ત થઈ પણ ભારતના અવકાશ પ્રોગ્રામની સતત સરાહનાને લીધે આ શક્ય બન્યું છે કે જેમાં નહેરુથી લઈને મોદી સુધીના બધા જ યશના ભાગીદાર છે. સરકારોએ પોતાની રીતે ઓછા કે વધતાં આર્થિક કે મોરલ સ્પોર્ટ તો આપ્યા જ હોય પણ સિધ્ધીના સાચા હકદાર આપણાં એ અસંખ્ય વૈજ્ઞાનિકો છે કે જેમની રાત-દિવસની અથાગ મહેનત અને અગાઉના ચંદ્રયાનની નિષ્ફળતા છતાં પણ હીમત હાર્યા વગર ધ્યેય પ્રત્યે લાગી રહેવાની જીદનું પરિણામ એમને મળ્યું છે. ૪૦ દિવસ ની ઉચાટભરી અવકાશી રખડપટ્ટી પછી ચંદ્રના દક્ષિણધ્રુવ પર ઉતરેલા ચંદ્રયાન-૩ની સોફ્ટ લેન્ડિંગ પાછળ ડો. હોમી ભાભા થી લઈને અબ્દુલ કલામ અને ડો. શિવન થી લઈને ડો. સોમનાથ સુધીના અનેકો નામી-અનામી લોકોનો સિંહફાળો છે. ગર્વની વાત એ છે કે અમેરિકા અને ચીન જેવા દિગ્ગજ દેશો પણ હજુ સુધી ચંદ્રના સાઉથ પોલ પર સોફ્ટ લેન્ડિંગ કરી શક્યા નથી. ભારતે મેળવેલી આ સિધ્ધિનું આ સંદર્ભે પણ મહત્વ વધી જાય છે. જગતભરના દેશો કે જેમને મૂન મિશનમાં રસ હશે કે જે દેશો આવા મિશન પર કામ કરી રહેલા હશે , સ્વાભાવિક છે કે એ દેશોની નજર ભારતે આ સિધ્ધી કઈ રીતે મેળવી એ જાણવા તરફ હશે જ. ' ટુમ મૂન પર જાયેગા ?' આવા ટોણાં મારતા દેશો પણ આ અભૂતપૂર્વ સિધ્ધી પછી ' મૂનના સાઉથ પોલ પર કેવી રીતે લેન્ડિંગ કરાય ? ' એની ટેકનોલોજી જાણવાની લાઈનમાં ઊભા રહી ગયા હશે એ નક્કી છે..!!! કેમકે આ પહેલા પણ અમેરિકા અને ચીને ચંદ્ર પર માનવ અને યાન બંને ઉતારી ચૂક્યા છે પણ ચંદ્રના રહસ્યો જેવા કે ત્યાં જીવન છે કે નહીં ? પાણી છે કે નહીં ? જો કે અગાઉ નાસા ચંદ્ર પર પાણીની સંભાવનાને નકારી ચૂક્યો છે એમ છતાંપણ ભારતના આ મિશનથી આવી ઘણી બાબતો વિષે માહિતી મળવાની આશા છે.

અને એટલે જ વિક્રમ લેન્ડરના સફળ લેન્ડિંગ પછી ચંદ્ર પર આંટાફેરા કરીને વિવિધ માહિતીઓ મેળવવાની જેના પર જવાબદારી છે એ પ્રજ્ઞાન રોવર વિવિધ ટેક્નોલોજીથી સજ્જ છે. જેનાથી ચાંદની સપાટી પર કેમિકલ , ખનીજો વગેરેની શોધખોળ કરશે અને લોખંડ , ટીન , એલ્યુમિનિયમ જેવાની શોધખોળ લેન્ડિંગ સાઈટ આસપાસ કરશે તો જેણે ચાંદ પર સોફ્ટ લેન્ડિંગ કર્યું છે એ વિક્રમ લેન્ડરમાં ચાર પેલોડ્સ લાગેલા છે જેમાંથી રંભા નામનું પેલોડ્સ ચાંદ પર સૂરજના કિરણોનું અધ્યયન અને વિશ્લેષણ કરશે તો ' ચાસટે ' ચાંદની સપાટીના તાપમાન વિષે સંશોધન કરશે. ' ઈલસા ' નામનું પેલોડ્સ છંદ પર ભૂકંપ આવે છે કે નહીં એવી માનવીય સંભાવનાઓનું સંશોધન કરવાનું છે તો ' લેઝર રેટરઓરિફલેક્ટર એરે ' ચંદ્રના ડાયનેમિક્સને સમજવાની કોશિશ કરશે. મંગળવારે સાંજે ૬:૦૩ કલાકે ચંદ્રયાને ચાંદ પર પગ માંડયાથી લઈને તમે આ વાંચતાં હશો ત્યાં સુધીમાં ' મિશન મૂન ' વિષે અઢળક લખાઈ ચૂક્યું હશે તેમ છતાંપણ આ મિશન અને એનાથી મને ને તમને શું લાભ થવાના એ વિષે થોડી વાતો કરવાની લાલચ રોકી શકતો નથી. આમ તો આગળ જે માહિતી લખી એના પરથી જ સમજાઈ ચૂક્યું હશે કે ચંદ્રયાન-૩ ખાલી ચંદ્રની ગતિવિધિઓ જ નહીં પણ એના વિષે અત્યાર સુધી મને ને તમને મુંજવતા પ્રશ્નો વિષે પણ ખણખોદ કરવાનું છે.

વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવર વૈજ્ઞાનિકોને જેનો સૌથી વધુ ઈંતેજાર છે એવું ચંદ્રની સપાટી , ત્યાંનું તાપમાન , ત્યાંના રસાયણો , ભૂકંપ જેવા ભવિષ્યમાં ઉપયોગી થઈ શકે એવા સંશોધનો કરવાનું છે . ૧૪ દિવસના પોતાના ચંદ્ર પરના રોકાણમાં મોટાભાગનો સમય વિક્રમ અને પ્રજ્ઞાન તસવીરો અને ડેટા ધરતી પર મોકલવાની કામગીરી કરતાં રહેશે. અને આ ડેટા પર જગતભરની નજર રહેવાની કેમકે એના લીધે મૂન પરના આગળના મિશન અને એના વ્યાપ નક્કી થવાના.

ભારત દુનિયાનો માત્ર ચોથો દેશ છે કે જેણે આવી સિધ્ધી પ્રાપ્ત થઈ છે એમાં પણ સાઉથ પોલ પર જનાર તો પહેલો જ દેશ છે ત્યારે સ્વાભાવિક છે કે દેશ અને ખાસ તો ઈસરોને આના પરિણામો પર વધુ ઉત્સુકતા હોવાની. ઈસરો ને સૌથી મોટો ફાયદો એ થવાનો કે કિફાયતી કોમર્શિયલ સેટેલાઈટ લોન્ચિંગ માટે દુનિયાભરમાં ઈસરો નું નામ થઈ જવાનું. મંગલયાન ને ચંદ્રયાન-૩ ની સફળતાને આધારે ઈસરો દુનિયાભરના અવકાશવિજ્ઞાનમાં આગવું સ્થાન બનાવી શકશે. આમ આદમીને થનાર ફાયદાઓની વાત કરીએ તો આવા યાનોમાં લાગેલા પેલોડ્સ જે માહિતીઓ એકઠી કરે છે એના વિગતવાર અધ્યયન અને સંશોધન પછીથી એ જ માહિતીઓ રક્ષા, સંચાર અને તાપમાન સંબંધી સેટેલાઇટ્સમાં વપરાય છે. સાબિત થયેલી અને નિવડેલી માહિતીઓનો આવા સેટેલાઇટમાં ઉપયોગ કરવાથી મને ને તમને મોસમ , સંદેશાવ્યવહાર અને સલામતી અને રક્ષા સંબંધી અનેકો ફાયદાઓ મળવાના શરૂ થઈ જાય છે. નાસા જાહેર કરી ચૂક્યું છે કે ૨૦૩૦ સુધીમાં મનુષ્ય ચંદ્ર પર એક ચોક્કસ સમય સુધી રહી શકશે પણ એનો કોઈ નક્કર જવાબ કે તારણ હજુ સુધી નાસા આપી શક્યું નથી ત્યારે ચાંદ પર માનવજીવન શક્ય છે કે નહીં એ તો ચાંદ તરફ રોકેટ છોડતા લગભગ દરેક દેશોનો સવાલ છે જ અને ચંદ્રયાન-૩ ની કામયાબી આવા અઘરા સવાલોના જવાબ મેળવવા તરફનું મક્કમ અને પોઝિટિવ પગલાં તરીકે જોવાય રહ્યું છે એવામાં છંદ પર પ્લોટો ભલે વેચાતા થઈ ગયા હોય પણ ખરેખર ચંદ્ર પર વસવાટ શક્ય છે એનો ઉકેલ અને જવાબ ચંદ્રયાન-૩ આપશે એવી દુનિયાભરના દેશોને આશા છે..

- akurjt@gmail.com

વિસામો :

ચંદ્ર પછી ઇસરો નું નેક્સ્ટ મિશન છે સુર્ય નો અભ્યાસ કરવાનું. આવતા મહિને એટલે કે સપ્ટેમ્બર માં ઇસરો આદિત્ય એલ -૧ ના નામે સુર્ય ની નજીક યાન મોકલીને સૂર્યનું સંશોધન કરવાનું મિશન લોન્ચ કરવા જઇ રહ્યું છે.

કન્યા (વહુ) વિદાય સિવાયનું લગ્ન...!

આ પૃથ્વી પરનું પહેલું લગ્ન હતું જેમાં વરરાજાની મોજડીઓ આમ નિરાધારની માફક પડી રહી હતી. કોઇને એને ઉઠાવવા માટે તૈયાર નહોતું. આંખો નહોતી છતાં આંખો પહોળી કરીને પડી રહી હોય એવું લાગતું હતું. સ્વાતિને પરસેવો વળતો હતો ત્યારે એ વધારે સુંદર લાગતી હતી. સ્વાતિને અને નાથાલાલને જુદા જુદા કારણોસર લાગતું હતું કે આ વિધિ પુરી થઈ જાય તો સારું. સ્વાતિને એમ હતું કે 'આ નાથાલાલમાંથી છૂટું..' જ્યારે નાથાલાલને બધા મહેમાનોને મળવાની અને આવકારવાની અથવા 'આવજો' કહેવાની તાલાવેલી હતી. એવા પણ મહેમાનો હતા જે વિના-આવકાર જમીને જતા રહ્યા હતા. આવા લગ્નો જ માણસોને ડાહ્યા બનાવતાં હોય છે. આ સંસારમાં બહુ મોહ રાખ્યા જેવો નથી, અને દુનિયામાં આપણું કોઇ નથી... આ દરમ્યાનમાં ભોજન સમારંભ શરું થતાં સોસાયટીના બધા મહાનુભાવ પોતપોતાનું સ્વાગત પોતે જ કરીને ધન્યતા અનુભવતા હોય એવો દેખાવ પણ નહોતા કરી શકતા. ભોજન સમારંભમાં નાથાલાલના એક દુરના સગા એવા એક રાજકારણી ખુબ જ સફેદ ઝભ્ભો પહેરીને આવ્યા હતા. ઝભ્ભો પહેર્યા પછી ઈસ્ત્રી કરી હોય એવી રીતે એમના હાથની બાંયો શોભતી હતી. એમના ચહેરા પર સંતાડેલી ગમગીની એમની સફેદ ભ્રમરોથી શોભતી આંખોમાં ડોકાતી હતી. એ ચોક્કસ બે વખત ચુંટણી હાર્યા હોય એવો નાટકીય ફેસ વિકસી રહ્યો હોય એવું લાગતું હતું. એમનું નામ કોઇ રેકૉર્ડબુકમાં નોંધાયું હોય અને પછી કેન્સલ થયું હોય એવું એમનું દ્રઢપણે માનવું છે.એમનો ચહેરો કોઇ ડીટેક્ટીવ નવલકથામાંથી ઉછીનો લીધો હોય એવું લાગતું હતું. એ અહીં ક્યા કનેકશનથી આવ્યા હશે એની કોઇને ખબર નહોતી. પણ એમના ચકચકિત ઝભ્ભો જોઇ, બધા મિત્રો ભલામણ કરી કે 'આ ભાઇ અગત્યના લાગે છે !' નહીં તો આવો સારો ઝભ્ભો પહેરીને શું કામ આવ્યા હોય.. !! મગનલાલે એ જ એટીકેટથી એક છેતરામણું સ્માઈલ ફેંક્યું, આ મહાનુભાવે ઝીલ્યું, મગનલાલે પુછ્યું, એકદમ ડીપ્લોમેટીકલી, '' ... આપ.. ' પે'લા મહાનુભાવે વળતો જવાબ સવાતેર સેકન્ડમાં પાછો વાળ્યો, 'યસ, મારું નામ સાંત્વન !' 'હું સાંત્વન દેસાઇ.. આ વિસ્તારમાંથી સાત વાર ચુંટણી હાર્યો છું.. પણ એવી હારથી મારી સેવા કરવાની વૃત્તિ સહેજ પણ ઝાંખી પડી નથી.' કોઇના પણ પુછ્યા વિના એમણે પોતાનો પરિચય આપ્યો ત્યારે લોકોને ખ્યાલ આવ્યો કે આ ભાઇ સાવ જુદી જ રીતે 'આત્મનિર્ભર' બન્યા છે. એમના જોરદાર ઝભ્ભાને જોઇને બેત્રણ જણ નમસ્તે નમસ્તે કરીને નીકળ્યા એટલે એમને લાગ્યું કે 'હું આ ગ્રુપમાં ઓળખાઇ ગયો છું, હવે કોઇ મને મારું એજ્યુકેશન પુછશે નહીં, અને મારા ડાહપણને પડકારશે નહીં...' મગનલાલને લાગ્યા કરતું હતું કે 'આ માણસ કોઇ દિવસ ચુંટણી જીતશે તો કામ આવશે. આવી લાગણી વિકસાવી એ માન આપ્યા કરતા હતા. ત્યારે સાંત્વનદેસાઇએ વાત શરું કરી, 'એમ છે, મગનલાલ ! આ દુનિયામાં સંબંધો જ મહત્ત્વના છે, નહીં તો આ નાથાલાલના કેસમાં તો બધાએ આશા છોડી દીધી હતી. પણ હું માનું છું કે આવા બીજવરના કે વિધવાનાં લગ્ન થવાં જ જોઇએ પણ એનો આવો સમારંભ ના કરીએ તો ચાલે.. આ જમાનામાં શું કામ આ બધો દેખાડો!!' એમણે ડહાપણની મિસાઈલો છોડી એને લીધે બે ત્રણ જણાએ સમજ્યા વગર જ હામાં હા ભેળવી !!

આમાં વળી નાથાલાલનો એક પિતરાઇ ભાઇ નામે ધનકુંવર કોથળીયો એક કોથળી લઈને બધાને એક બાજુ લઈ જઈને 'તમારો ચાંલ્લો બાકી છે, પતાવી દો, કર્યું એટલું કામ... એવા નાના નાના વાક્યોથી બધા ચાંલ્લા લખાવી દે એ માટે પ્રેરણા આપતો હતો. ખોટા ખોટા ફોન કરીને કોઇ જાહેરાત કંપનીઓ તમને હેરાન કરતી હોય એવી રીતે બે યુવતીઓ તમને એક બાજુ લઈ જઈને, 'સાહેબ, જમ્યા ! અને જો તમે હા પાડો તો 'ચાંલ્લો કર્યો' એવું યુક્તિથી પુછી લેતી. ઘણાને આ વાતાવરણન કારણે કોઇ લગ્નસમારંભ કરતાં કોઇ ઉઘરાણી સમારંભમાં આવ્યા હોય એવી ફીલીંગ્સ આવતી હતી. પણ આપણી આ જ તો નબળાઈ છે. જે માણસ આટલી મોટી ઉંમરે પરણતો હોય એ પોતે જ એક અભિનંદનીય ઘટના છે, એમાંયે વળી નાથાલાલ જેવો બીજવર હોય ત્યારે ખાસ સહાનુભૂતિ-સેસ નાંખવો જોઇએ. અને ઉત્સાહથી ચાંલ્લાવાળાને શોધીને ચાંલ્લો આપવો જોઇએ.. પણ આ રહ્યો ઘોર કળિયુગ... આવી મોટી ગબડતી આબરું વાળી અગદંબગડં કોલોની.. એમાં આવી રીતે ચાંલ્લાનું ઉઘરાણું નાંખવું પડે, એ કેવી શરમજનક ઘટના છે. મહારાજે તો રુટિનમાં થાળી ખખડાવી, 'ચાલો ! કન્યા વિદાયનો સમય થયો.. ' દુર્ગા સામે જ ઉભી હોવા છતાં લોકો પૂર્વદિશામાં આવેલા રુમ તરફ જોતાં હતાં કારણ બધાને એ હતું કે કંઇક ચમત્કાર થશે અને નાથાલાલના જુના પત્ની આવી પહોંચશે.

પ્રોફેસર જળાશંકરે મહારાજની સામે જોઇ તત્કાલ પ્રશ્નના નિકાલ માટે કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા. 'અહીં કન્યા જ ક્યાં છે ! અહીં તો એક આધેડવયની સ્ત્રી સાથે એક મહાવિધુરનું લગ્ન થયું છે, વિરલ ઘટના છે કે આવડો મોટો ઉત્સવ કરવામાં આવ્યો છે... !! અહીં કોઇ કન્યા નથી, એક વહુ છે, એ વહુ બની છે, એની કથાએ આ ઉત્સવ રચાયો છે, એક પુત્ર કળિયુગનો પરિચય કરાવ્યો છે એટલે આ બધી બુમરાણ છે... વ.વ.... ' દુર્ગા એના દાંત વગરના બોખા મોં થકી છગનલાલની જેમ આર્ટીફિશીયલ હસવા પ્રયત્ન કરતી હતી... એનું સાસરું તો માત્ર મંડપથી ઘર જેટલું જ દુર હતું. એ રોવાંપ પ્રયત્ન કરે એ પહેલાં જ સ્વાતિની એક બહેનપણી એને ઘરમાં લઈ ગઈ... નાથાલાલ એકદમ કલરલેસ બનીને નિર્લેપભાવે મંડપ સામે જોઇ રહ્યા હતા.

ન.મો. સરકારના નવ વર્ષનું એક સામાજિક સરવૈયું : (એક)



આજે ૭૦ વર્ષ પછી આખુ વિશ્વ ફરીથી એક ગુજરાતી ઉપર ગૌરવ લઈ રહ્યું છે. ગાંધીજી પછી એકમાત્ર નરેંદ્ર મોદી એવી વ્યક્તિ છે કે જેમનાથી આખું વિશ્વ પ્રભાવિત થયું હોય. પ્રભાવિત થવાના બે કારણો છે. રાજનીતિક અને સામાજિક. ઇંદિરા ગાંધીની હત્યા પછી આખા દેશમાં જે ઈમોશનલ માહોલ બનેલો એ વખતે રાજીવ ગાંધીને ૪૦૦થી વધુ સીટ મળેલી. અને પુરી બહુમતિથી સરકાર બનાવેલી. ત્યાર બાદ આટલા વર્ષો પછી નરેંદ્ર મોદીજીએ પૂર્ણ બહુમતિથી બે વાર સરકાર બનાવી છે. આખા વિશ્વએ જોયું કે દુનિયાની સૌથી વધુ વસ્તી ધરાવતો, સૌથી મોટા લોકશાહી દેશમાં બે વખત પૂર્ણ બહુમતિ મેળવનાર એકમાત્ર નરેંદ્ર મોદી છે. આ બહુમતિ મળવાનું કારણ શું ? તો એનું એક માત્ર કારણ છે કે નરેંદ્ર મોદીને વડાપ્રધાન બની રહેવામાં રસ નથી એમને તો પ્રજાના પ્રધાન સેવક બનીને સતત કામ કરવું છે. હિંદુસ્તાને કદી વિચાર્યું કે છેલ્લા નવ વર્ષમાં ક્યારેય આ સરકારે કોઈના મૃત્યુથી કે અચાનક બનેલી દૂર્ઘટનાથી સરકારી કચેરીઓમાં રજા નથી પાડી દીધી. અરે ખુદ ન.મો.ના માતુશ્રીનું હમણા જ અવસાન થયું હતું. તો પણ કોઈ રજા નહીં. બાકી અગાઉ કોઈ નેતાનું અવસાન થયું નથી કે ત્રણ દિવસની રજા, કોઈ દૂર્ઘટના ઘટી નથી કે રજા, ઈંદિરા ગાંધીની હત્યા વખતે તો રાષ્ટ્રીય શોક જાહેર કરીને દિવસો સુધી રજાઓ જાહેર કરાયેલી એવું મને સ્મરણમાં છે. જ્યારે મોદીજી કોઈપણ જાતની રજા વિના માત્ર કામ કરવામાં માને છે. મને બરાબર યાદ છે કે ૧૯૮૫/૮૬માં ખુદ વડાપ્રધાન પદેથી રાજીવ ગાંધીએ જાહેરમાં કહેલું કે સરકાર પ્રજાકલ્યાણ માટે જે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે તેમાં દર સો રૂપિયામાંથી પ્રજા સુધી માત્ર દસ રૂપિયા જ પહોંચે છે. નેવું રૂપિયા વચ્ચે જ વહેંચાઈ જાય છે. આ નેવું રૂપિયાનો હલ રાજીવ ગાંધી નહોતા લાવી શક્યા પણ મોદીજીએ લાવી દીધો. ડાયરેક્ટ ગરીબોના ખાતામાં રૂપિયા જમા કરાવીને.

મોદી સરકારની ''જન ધન યોજના'' વિશ્વની સૌથી મોટી આર્થિક સમાવેશીતા યોજના છે. જેમાં કુલ ૪૮ કરોડથી વધુ ગરીબ લોકોના બેક્ર ખાતા ઝીરો બેલેન્સથી ખૂલ્યા છે. જેમાં ૫૫ ટકા ખાતા તો બહેનોના છે. જે સ્ત્રીઓ જીવનમાં કદી બેક્રના પગથિયા નહોતી ચડી તેવી કરોડો બહેનોના બેક્ર ખાતામાં સરકારી સહાયના પુરેપુરા સીધા રૂપિયા જમા થવા લાગ્યા. જેમાં લગભગ કુલ ૧.૯૪ લાખ કરોડથી વધારે રકમ જમા કરવામાં આવી છે. આવી જ એક બીજી ગરીબો માટેની યોજના છે '' આયુષ્યમાન ભારત '' વિશ્વની સૌથી મોટી વીમા યોજના. જેમાં દરેક પરિવારને દર વર્ષે પાંચ લાખ રૂપિયા સુધીની સારવારના લાભનું કવરેજ મળે છે. આ યોજનાથી ૧૦.૭૪ કરોડ ગરીબ પરિવારોને આર્થિક સુરક્ષા પ્રાપ્ત થઈ છે. ૨૩ કરોડથી વધારે આયુષ્યમાન કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે. સાડા ચાર કરોડથી વધારે લોકોએ મફત સારવારનો લાભ લીધો છે. ગરીબ કલ્યાણ માટેની આવી જ એક યોજના છે '' પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી અને ગ્રામીણ) '' આ યોજના અંતર્ગત જેઓ ગરીબ છે. જેમની પાસે જીવન નિર્વાહનું કોઈ સાધન નથી. મજદૂરી કઈ નાનું-મોટું કામ કરીને જેઓ જીવન ચલાવે છે એવા ગરીબોને માટે મકાન યોજના બનાવવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં સરકારશ્રીએ ૮૦ લાખ મકાનો બનાવીને શહેરી વિસ્તારના ગરીબોને આપ્યા છે. જ્યારે ગ્રામ કક્ષાએ તો ૨.૫૫ (અઢી કરોડ) જેટલા મકાનો બનાવીને ગ્રામીણ ગરીબોને ફાળવવામાં આવ્યા છે. આ મકાનો કોઈ જ્ઞાતિ જાતિના ભેદભાવ વિના બધાને અપાયા છે. ભલે વિપક્ષો મોદીજીને મુસ્લિમ વિરોધી ચિતરતા હોય પણ સત્ય એ છે કે આ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અનેક મકાનો ગરીબ મુસ્લિમોને પણ ફાળવવામાં આવ્યા છે. અનેક મુસ્લિમ પરિવારોને ઘેર ગેસના બાટલા પહોંચ્યા છે. એકાદ વખત વિપક્ષોએ ભારતની કોઈપણ મુસ્લિમ મહિલાને અંગત રીતે પૂછવાની જરૂર છે કે તીન તલ્લાકનો કાયદો હટાવીને મોદીજીએ સારું કર્યું છે ખોટું ? ત્યારે સત્યની જાણ થશે. કે મોદીજીએ મુસ્લિમ મહિલાઓને પણ પોતાનો હક્ક આપ્યો છે. નારી ગૌરવ અને ગરિમા આપી છે. દરેક યુગમાં દરેક મહાપુરુષોની ટીકાઓ તો થઈ જ છે. કેમ કે દરેક યુગમાં સત્યને, સકારાત્મકતાને, મહાનતાને ખંડિત કરવા માટે અસત્ય, નકારાત્મકતા અને મલિનતા કાર્યરત હોય જ છે. આપણા જ દેશમાં આ સરકારે ''પીએમ કૌશલ્ય વિકાસ યોજના'' થકી દોઢેક કરોડ યુવાનોને સ્કિલ ડેવલોપિંગ માટે તાલીમ આપીને રોજગારી મેળવતા કર્યા છે. તો વળી ૫૦ લાખથી વધુ લોકોને અપસ્કિલ અને રીસ્કિલ કરવામાં આવ્યા છે.

ન.મો. સરકાર શિક્ષણ ક્ષેત્રે પણ ધરખમ ફેરફારો કરી રહી છે. એને પરિણામે કેંદ્ર અને રાજ્ય કક્ષાએ આજે શિક્ષણ વિભાગનો વધુ વિરોધ થઈ રહ્યો છે. કેમ કે જે ગત અનેક દશકોથી શિક્ષણપ્રથા અને શિક્ષણવિભાગે જે પરંપરા બનાવી હતી તેના પરિણામો આખા દેશે જોયા છે. હવે તેને બદલવા મોદી સરકારે નવી શિક્ષણનીતિ લાવીને અમલ પણ કરી દીધો, ત્રણ વર્ષ પુરા પણ થઈ ગયા ત્યારે હવે ધીમે ધીમે લોકોને સમજાઈ રહ્યું છે કે આજસુધી આપણે ને આપણી આગળની પેઢીઓ જે શિક્ષણ લીધું છે તે તો.... મિત્રો, બહું ઓછા લોકો જાણે છે કે સ્વતંત્રતા પછી આપણું ભારતીય શિક્ષણ મોટા ષડયંત્રનું ભોગ બન્યું છે. આપણને ૬૭ વર્ષ સુધી ભારતીય સંસ્કૃતિ, શિક્ષણ અને સભ્યતાથી દૂર રાખીને કોઈ જુદી જ સભ્યતાના ગુણગાન કરાવ્યા છે. હવે આ ૬૭ વર્ષની એકધારી સિસ્ટમ સુધારવી હોય તો વિરોધ તો થવાનો જ, થોડી તકલીફ તો પડવાની જ. જે અત્યારે થઈ રહ્યું છે. વર્ષ ૨૦૧૪ પછી દેશભરમાં લગભગ ૩૨૦ નવી યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી છે. જેમાં શિક્ષણ, સ્કીલ, સ્વાસ્થ્ય, સમાજ, રોજગારી, ટેક્નોલોજી અને વિજ્ઞાન જેવા અનેક નવા વિષયોથી ભારતીય યુવાનોને સક્ષમ અને સજ્જ કરવામાં આવે છે. તો વળી સાવ પ્રાથમિક કક્ષાએ પણ શિક્ષણમાં બદલાવ લાવીને રાષ્ટ્રવાદ અને ભારતીય સંસ્કૃતિની જ્યોત જલાવી છે. સાચા અર્થમાં હવે નવી પેઢી તૈયાર થઈ રહી છે. જેના થકી આવતીકાલના ભારતનું ભાવિ ઉજ્જ્વળ બનવાનું છે. સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત સમગ્ર દેશમાં ઘન અને પ્રવાહી કચરાની સમજ આપીને લોકોમાં જાગૃતિ લાવીને સ્વચ્છતાના સ્તરમાં સુધારો કર્યો છે. અઢી લાખ જેટલા ગામડાઓને ૪૬ કરોડથી વધુ લોકોએ શ્રમદાન કરીને સ્વચ્છ બનાવ્યાં છે. આ કાંઈ નાનીસૂની સફળતા નથી. ભારત જેવા બહુઆયામી દેશમાં હજી લોકોમાં સ્વયમ સ્વચ્છતાની આદતનો આવિર્ભાવ જ નથી થયો. પાન,માવા કે ગૂટકા ખાઈને ગમે ત્યાં થૂંકવાની આજે પણ શિક્ષિત લોકોમાં જોવા મળે છે. બહાર પ્રવાસમાં જતી વખતે પેકીંગમાં મળતું ખાઈને પ્લાસ્ટિકને રસ્તામાં ગમે ત્યાં ફેંકવાની આદત હર હિંદુસ્તાનીમાં વિકસિત થયેલી છે. આવા સમયે કચરાનું વ્યવસ્થાપન ગોઠવી સ્વચ્છતા લાવવી એ ખુબ કપરું કામ છે. જે આ સરકારે મહદ અંશે કર્યું છે.

દેશના મોટાભાગના છેવાડાના ગામડાઓમાં પાણીની સમસ્યા ખુબ મોટી હોય છે. આઠ આઠ દિવસે એકાદ વાર પાણી મળે, ખેતી અને સિંચાઈ માટે પાણીની અછતને કારણે કરોડો લોકો પાણી માટે પીડાતા હતાં પણ મોદી સરકારે ''હર ઘર જલ'' યોજના દ્વારા સમગ્ર દેશમાં લગભગ આઠેક કરોડથી વધુ પરિવારોને છેક ઘર સુધી નળનું જોડાણ આપીને પાણી પુરું પાડવામાં આવ્યું છે. નહેરો દ્વારા ખેતરો સુધી પાણી આપીને ખેડૂતોને સમૃદ્ધ કર્યા છે.

આમ જોઈએ તો અગાઉની સરકારો પણ હતી. તેમણે પણ કામ કર્યા છે. પણ એ કામના પરિણામો પ્રજા સુધી પહોંચ્યા નથી. એ યોજનાઓના નાણાં એના કામ સુધી પહોંચ્યા નથી. યોજનાઓ ફાઈલોમાં અટવાઈ જતી અને રૂપિયા વહેંચાઈ જતા હતા. આવી સિસ્ટમ હોવાની વાતો લોકો કરતા રહેતા. પરંતુ મોદી સરકારે બધું પારદર્શક કરી દીધું. કોઈપણ યોજનાનો રૂપિયો સીધો જ લાભાર્થીઓના બેક્ર ખાતામાં જ જમા થઈ જાય છે. જેને કારણે નાના મોટા અનેક પ્રકારના ભ્રષ્ટાચારો બંધ થઈ ગયા છે.

- 9426060601.india@gmail.com